**ફરીયાદીશ્રીને પર્સનલ લોન અપાવવાના બહાને ઓ.ટી.પી. નંબર મેળવી ઓનલાઇન છેતરપીંડી કરનાર આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર સાયબર ક્રાઇમ પો.સ્ટે.ની ટીમ.**

સુરત શહેરના અમરોલી પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૦૦૦૪૨૦૦૧૨૦/૨૦૨૦ ઇ.પી.કો. કલમ-૪૦૬, ૪૨૦ તથા આઇ.ટી.એક્ટ કલમ-૬૬(સી), ૬૬(ડી) મુજબનો ગુન્હો દાખલ થયેલ. જે ગુન્હામાં સંડોવાયેલ ઇસમે ફરીયાદીશ્રીને તા.૨૫/૧૨/૨૦૧૯ ના રોજ મોબાઇલ નં.૭૦૪૬૪૨૧૧૧૧ ઉપરથી ફોન કરી રૂ.૭૦,૦૦૦/- ની લોન અપાવાના બહાને ફરીયાદીશ્રી પાસેથી ઓ.ટી.પી. નંબર મેળવી તેઓના આઇ.ડી.એફ.સી. ફર્સ્ટના ક્રેડીટ કાર્ડ દ્વારા રૂ.૬૯,૪૫૮/- ની ટાટા ક્લીકમાંથી ખરીદી કરી ફરીયાદીશ્રી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ગુન્હો આચરેલ હતો. સદર ગુન્હો શોધી કાઢવા સારૂ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન દ્વારા ટેકનીકલ સર્વેલન્સ આધારે તપાસ કરી આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીને આઇડેન્ટીફાઇ કરી આરોપી નામે- પ્રશાંત નિતીનભાઇ કોટક ઉ.વ.૧૯ જન્મ તા.૧૬/૧૦/૨૦૦૧ ધંધો- બેકાર રહે.૭, નંદની હોમ્સ, મેટ્રીક ગ્લોબલ સ્કુલ પાસે, ઉમરા, વેલંજા, સુરત મુળ રહે.ગામ-સીતસર, ઘર નં.૫૯૮, પચ્ચીસ વાળીયા, તા.જી.ભાવનગરનાને પકડી પાડી, સદર આરોપીને પુછપરછ કરતા પોતે આ કામના ફરીયાદીશ્રીને ફોન કરી તેઓને રૂ.૭૦,૦૦૦/- ની પર્સનલ લોન અપાવવાના બહાને તેઓ પાસેથી ઓ.ટી.પી. નંબર મેળવી તેઓના આઇ.ડી.એફ.સી. ફર્સ્ટના ક્રેડીટ કાર્ડ દ્વારા રૂ.૬૯,૪૫૮/- ના MI Note 7 Pro મોબાઇલ ફોન નંગ-૭ www.tatacliq.com નામની વેબસાઇટ ઉપરથી ખરીદ કરી ફરીયાદીશ્રી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોવાની હકીકત જણાવેલ છે. આ રીતે સદર આરોપીએ બીજા એક કસ્ટમર સાથે પણ રૂ.૧,૧૦,૦૦૦/- છેતરપીંડી કરેલ હોવાની હકીકત જણાઇ આવેલ છે.